# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

******************************************************

1) **કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ ઉત્પાદકતા વધારવા માટે પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી.**
2) **કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે, છેલ્લાં 11 વર્ષમાં ખાદ્યાન્નનું વાર્ષિક ઉત્પાદન વધીને 81 લાખ ટન થયું છે**
3) **કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ-CBSE એ શાળાઓને વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે ઓઇલ બોર્ડ સ્થાપિત કરવા જણાવ્યું**
4) **નાણાકીય સમાવેશન સંતૃપ્તિ અભિયાન હેઠળ બે સપ્તાહમાં એક લાખ 40 હજાર જન ધન ખાતા ખોલવામાં આવ્યા**
5) **અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇન્ડોનેશિયાનાં માલ પર ટેરિફ ઘટાડીને 19 ટકા કરી**

…………………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET-KRISHI YOJANA

કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ ઉત્પાદકતા વધારવા માટે પ્રધાનમંત્રી ધન - ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ વધારવાનો, લણણી પછીના સંગ્રહમાં વધારો કરવાનો, સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરવાનો અને ધિરાણની ઉપલબ્ધતાને સરળ બનાવવાનો છે.

મંત્રીમંડળની બેઠક પછી આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજનાથી દેશના એક કરોડ 70 લાખ ખેડૂતોને મદદ મળશે.

આ નિર્ણય અંગે શ્રી વૈષ્ણવે વધુ માહિતી આપીઃ

(BYTE ASHWINI VAISHNAV ON KRISHI YOJNA)

આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ NLC ઇન્ડિયા લિમિટેડને તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની NLC ઇન્ડિયા રીન્યુએબલ્સ લિમિટેડમાં સાત હજાર કરોડ રૂપિયાનાં રોકાણ માટે વિશેષ મંજૂરી આપી છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ભારતે હરિત ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવામાં 50 ટકા સીમાચિહ્ન વટાવી દીધું છે.

દરમિયાન, કેન્દ્રીય મંત્રીમંડળે અવકાશયાત્રી શુભાંશુ શુક્લાની અવકાશયાત્રાનું સ્વાગત કરતો ઠરાવ પસાર કર્યો છે. આ અંગે શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, શુભાંશુ શુક્લાનું અવકાશ અભિયાન ભારતને પોતાનું અવકાશ મથક સ્થાપવાની યોજનાથી એક ડગલું નજીક લઈ ગયું છે.

(BYTE ASHWINI VAISHNAV ON SHUBHANSHU SHUKLA)

.........

# GOVT - ALL PARTY MEETING

સરકારે સંસદના ચોમાસુ સત્ર અગાઉ રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોની કામગીરી સુચારૂ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે.

ચોમાસુ સત્ર આ મહિનાની 21મી તારીખથી 21મી ઓગષ્ટ સુધી યોજાશે. સત્ર દરમિયાન, ચર્ચા અને પસાર કરવા માટે કેટલાક મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા કરાશે.

. . . . . . . . .

# SHIVRAJSINH CHAUHAN ICAR

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું કે, છેલ્લાં 11 વર્ષમાં ખાદ્યાન્નનું વાર્ષિક ઉત્પાદન વધીને 81 લાખ ટન થયું છે.

નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ- ICARના 97મા સ્થાપના દિવસને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું હતું કે, છેલ્લા 11 વર્ષમાં ફળો અને શાકભાજી અને દૂધનું વાર્ષિક ઉત્પાદન પણ વધીને અનુક્રમે 75 લાખ ટન અને 1 કરોડ 20 લાખ ટન થયું છે.

તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં ખાદ્યાન્નનું ઉત્પાદન 40 ટકાથી વધુ વધ્યું છે.

. . . . . . . . .

# JHARKHAND NAXAL

ઝારખંડમાં, બોકારો જિલ્લાના જાગેશ્વર બિહાર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા લુગુ પર્વતોના કાશીતાંડ જંગલમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં બે નક્સલીઓ માર્યા ગયા છે. બોકારો જિલ્લાના જંગલ વિસ્તારમાંથી રાંચી લઈ જતી વખતે કોબ્રા બટાલિયનના એક જવાન શહીદ થયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે 6.30 વાગ્યાની આસપાસ થયેલ ગોળીબાર દરમિયાન સુરક્ષા દળોએ સબ-ઝોનલ નક્સલવાદી કમાન્ડર કુંવર માંઝી ઉર્ફે સહદેવ માંઝી ઉર્ફે સાદેને ઠાર માર્યો છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસના 209 કોબ્રા યુનિટના જવાનો દ્વારા હાથ ધરવામાં આવેલા અભિયાનમાં એક AK-47 રાઇફલ પણ મળી આવી છે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# CBSE - OIL BOARDS

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ શાળાઓને વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે ઓઇલ બોર્ડ સ્થાપિત કરવા જણાવ્યું છે. શાળાઓના તમામ વડાઓને લખેલા પત્રમાં સીબીએસઈએ તેમને પોષક, તંદુરસ્ત ખોરાક વિકલ્પો અને પ્રવૃત્તિની ઉપલબ્ધતા દ્વારા શાળાઓમાં તંદુરસ્ત ભોજન અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કહ્યું છે.

સીબીએસઇએ શાળાઓને વિદ્યાર્થીઓને સીડીનો ઉપયોગ કરવા, કસરત માટે પ્રોત્સાહિત કરવા, અભ્યાસમાંથી ટૂંકા વિરામનું આયોજન કરવા અને ચાલવા માટે માર્ગોની સુવિધા આપવા માટે પણ કહ્યું છે.

લેન્સેટ GBD 2021એ સ્થૂળતા અંગેનાં અભ્યાસમાં જણાવ્યા અનુસાર, ભારતમાં વધુ વજનવાળા અને મેદસ્વી પુખ્ત વયના લોકોની સંખ્યા 2021માં 18 કરોડ હતી, જે 2050 સુધીમાં લગભગ 45 કરોડ થવાની ધારણા છે.

. . . . . . . . . .

# FINANCE - JAN DHAN ACCOUNTS

સરકારે કહ્યું છે કે રાષ્ટ્રવ્યાપી નાણાકીય સમાવેશન સંતૃપ્તિ અભિયાન હેઠળ બે સપ્તાહમાં એક લાખ 40 હજાર જન ધન ખાતા ખોલવામાં આવ્યા છે. નાણાં મંત્રાલયે કેટલીક મુખ્ય યોજનાઓની પહોંચ વધારવા માટે આ મહિનાની પહેલી તારીખથી ત્રણ મહિનાનું રાષ્ટ્રવ્યાપી સંતૃપ્તિ અભિયાન શરૂ કર્યું હતું.

આ યોજનાઓમાં પ્રધાનમંત્રી જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ

પેન્શન યોજના સામેલ છે. આ અભિયાનનો હેતુ તમામ ગ્રામ પંચાયતો અને શહેરી સ્થાનિક સંસ્થાઓની મદદથી દરેક પાત્ર નાગરિકને આ પરિવર્તનકારી યોજનાઓનો લાભ પૂરો પાડવાનો છે.

આ અભિયાન 30 સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે, જેમાં આશરે બે લાખ 70 હજાર ગ્રામ પંચાયતો અને શહેરી સ્થાનિક સંસ્થાઓને આવરી લેવામાં આવશે.

. . . . . . . . . .

## US INDONESIA TARIFF

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇન્ડોનેશિયા સાથે નવા વેપાર કરારની જાહેરાત કરી હતી, જેમાં અમેરિકન કંપનીઓને ઇન્ડોનેશિયામાં સંપૂર્ણ પ્રવેશના બદલામાં ઇન્ડોનેશિયન માલ પર સૂચિત ટેરિફ ઘટાડીને 19 ટકા કરવામાં આવી હતી.

તેના બદલામાં ઇન્ડોનેશિયા અમેરિકા પાસેથી ઊર્જા શ્રેત્રમાં 15 અબજ ડોલર, કૃષિ ક્ષેત્રે 4.5 અબજ ડોલરની અને 50 બોઇંગ જેટની ખરીદશે. આ સોદાની શરતોની ઇન્ડોનેશિયા દ્વારા તાત્કાલિક પુષ્ટિ કરવામાં આવી ન હતી. જો કે, રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિઆન્ટોએ તેને પરસ્પર લાભનો નવો યુગ ગણાવ્યો હતો.

દરમિયાન, અમેરિકાએ બિનવાજબી ભાવને ટાંકીને મેક્સિકન ટામેટાં પર 17 ટકા ટેરિફ લાદી હતી. જોકે, મેક્સિકોએ આ દાવાને નકારીને ખાદ્ય પદાર્થોનાં ભાવ વધવાની ચેતવણી આપી હતી.

. . . . . . . . . .

## PAKISTAN HUMEN RIGHTS VIOLATION

એક માનવ અધિકાર સંગઠને જણાવ્યું છે કે પાકિસ્તાનના બલુચિસ્તાનમાં જૂન મહિનામાં હત્યાના 33 કેસ અને બળજબરીથી ગાયબ કરવાના 84 કેસ નોંધાયા હતા. પીડિતોમાં વિદ્યાર્થીઓ, કવિઓ, ખેડૂતો અને કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. પાકિસ્તાન સરકાર સામે અવાજ ઉઠાવવા બદલ તેમને કથિત રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા. અહેવાલમાં પાકિસ્તાની સેના, ફ્રન્ટિયર કોર અને આતંકવાદ વિરોધી વિભાગ પર આયોજનબદ્ધ રીતે અપહરણ, અત્યાચાર અને ફાંસી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

માનવ અધિકાર અહેવાલ અનુસાર, 32 વ્યક્તિઓને કથિત રીતે શારીરિક અને માનસિક દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો.

. . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન પૂર્વ અને તેની આસપાસના મધ્ય ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે. આગામી છથી સાત દિવસ દરમિયાન કેરળ, કર્ણાટક અને તમિલનાડુમાં ભારે વરસાદની સંભાવના છે. જમ્મુ કાશ્મીરમાં, હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારેથી  અતિભારે વરસાદ, અચાનક પૂર અને ભૂસ્ખલનની ચેતવણી આપી છે.

. . . . . . . . . .

# ENGLIAND TEAM PENALTY

ઇંગ્લેન્ડે લોર્ડ્સ ટેસ્ટમાં ભારત સામે 22 રનની રોમાંચક જીત દરમિયાન ધીમી ઓવર ગતિ જાળવી રાખવા માટે કિંમત ચૂકવી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી)ના પોઈન્ટ ટેબલમાંથી ઇંગ્લેન્ડનાં બે પોઈન્ટ કાપવામાં આવ્યા છે. આને કારણે તે પોઇન્ટ ટેબલમાં બીજા ક્રમથી નીચે ઉતરીને ત્રીજા ક્રમે આવી ગયું છે. તેનાં સ્થાને શ્રીલંકા બીજા ક્રમે આવ્યું છે. હાલ ઓસ્ટ્રેલિયા પ્રથમ ક્રમે અને ભારત ચોથા ક્રમે છે.

આ ઉપરાંત ઇંગલેન્ડની ટીમ પર તેની મેચ ફીના 10 ટકા દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

. . . . . . . . .

# STOCK MARKET

મુંબઇ શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ આજે 63 પોઇન્ટ વધીને 82 હજાર 634 પર બંધ થયો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી-ફિફ્ટી 16 પોઇન્ટ વધીને 25 હજાર 212 પર બંધ થયો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.1 ટકા અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 0.28 ટકા વધ્યો હતો.

વિદેશી હૂંડિયામણ બજારમાં, અમેરિકન ડોલર સામે રૂપિયો 13 પૈસા ઘટીને 85 રૂપિયા અને 94 પૈસા પર બંધ રહ્યો હતો.

. . . . . . . . .